JSW Colouron+ ISC durashine
ALEVATE
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Website: www.steeltrading.in

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે? શું આપની ટાંકી ખાલી થઇ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
ફોન : 2429322 મો : 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ ચોથ ગુરુવાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૧૪ પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦

જિયોના જોરે રિલાયન્સ દેશનું નંબર 1 ગ્રુપ બન્યું

રિલાયન્સ જૂથનું માર્કેટ કેપ રૂ. 30 લાખ કરોડને પાર, દાયકાઓથી ટાટા સૌથી મૂલ્યવાન જૂથ હતું

મુંબઈ, તા. 28 (PTI): જિયો પ્લેટફોર્મ્સ લિમિટેડના શાનદાર લિસ્ટિંગને કારણે બુધવારે રિલાયન્સ જૂથ ટાટા જૂથને પાછળ છોડીને બજાર મૂલ્યની દ્રષ્ટિએ દેશનું સૌથી મોટું જૂથ બની ગયું છે. કારોબારના અંતે રિલિઅન્સ ઈન્ડસ્ટ્રીઝનું બજાર મૂલ્ય 15.67 લાખ કરોડ રૂપિયા, જિયો પ્લેટફોર્મ્સનું માર્કેટ કેપ 13 લાખ કરોડ રૂપિયા અને જિયો ફાઈનાન્શિયલ સર્વિસીઝનું બજાર મૂલ્ય 1.35 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું. આ સાથે રિલાયન્સ જૂથનું સંયુક્ત બજાર મૂલ્ય 30 લાખ કરોડ રૂપિયા પર પહોંચી ગયું છે.

બીજી તરફ, ટીસીએસ, ટાટા સ્ટીલ, ટાઇટન, ટાટા પાવર, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને ટ્રેન્ટ સહિતની ટાટા જૂથની કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય 25.28 લાખ કરોડ રૂપિયા રહ્યું હતું.

લાંબા સમયથી ટાટા જૂથ બજાર મૂલ્યની દ્રષ્ટિએ પ્રથમ ક્રમે રહ્યું હતું.

સંયુક્ત માર્કેટ કેપ: રિલાયન્સ જૂથનું સંયુક્ત બજાર મૂલ્ય 30 લાખ કરોડને પાર થઈ ગયું છે, જે ટાટા જૂથના 25 લાખ કરોડ કરતા વધારે છે. આ સાથે રિલાયન્સ ભારતનું સૌથી મૂલ્યવાન જૂથ બની ગયું છે.

દાયકાઓનું વર્ચસ્વ બદલાયું: આ અગાઉ છેલ્લા એક દાયકાથી ટાટા જૂથ ભારતનું સૌથી મૂલ્યવાન કોંગ્લોમેરેટ (જૂથ) રહ્યું હતું.

...અનુસંધાન પાના 11 પર

જિયો પ્લેટફોર્મ્સનું ધમાકેદાર લિસ્ટિંગ

એરટેલ અને એચડીએફસીને પાછળ છોડી, રૂ. 1,119ની ઇશ્યૂ પ્રાઇસ સામે BSE પર શેર રૂ. 1,358 પર લિસ્ટ થયો, દિવસના અંતે 1417 પર બંધ થયો

કંપનીનું માર્કેટ વેલ્યુએશન રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચ્યું, માર્કેટ કેપમાં દેશની સૌથી મૂલ્યવાન કંપની બની

મુંબઈ, તા. 28 (PTI): રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ડિજિટલ સર્વિસ કંપની 'જિયો પ્લેટફોર્મ્સ'ના શેરે બુધવારે શેરબજારમાં ધમાકેદાર એન્ટ્રી કરી છે. રૂ. 1,119ની ઇશ્યૂ પ્રાઇસ સામે જિયોનો શેર આશરે 27 ટકાના વધારા સાથે બંધ થયો હતો, આ સાથે જ માર્કેટ કેપિટલાઇઝેશન (એમ-કેપ)ની દૃષ્ટિએ જિયો પ્લેટફોર્મ્સ દેશની બીજી સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે.

બીએસઇ અને એનએસઇ બંને એક્સચેન્જ પર જિયો પ્લેટફોર્મ્સનો શેર શરૂઆતમાં 21.36 ટકાના પ્રીમિયમ સાથે રૂ. 1,358 પર લિસ્ટ થયો હતો.

બાદમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઇ) પર જિયો પ્લેટફોર્મ્સનો શેર 26.66 ટકાના ઉછાળા સાથે રૂ. 1417.35 પર બંધ થયો હતો, જ્યારે દિવસ દરમિયાન તે 27.23 ટકા વધીને રૂ. 1423.00ની ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ) પર શેર 26.67 ટકા વધીને રૂ. 1417.50 પર બંધ થયો હતો અને ઇન્ટ્રા-ડે ટ્રેડ દરમિયાન 27.24 ટકા વધીને રૂ. 1423.90 સુધી પહોંચ્યો હતો.

લિસ્ટિંગના અંતે કંપનીનું માર્કેટ વેલ્યુએશન વધીને આશરે રૂ. 13 લાખ કરોડ સુધી પહોંચી ગયું હતું. જ્યારે જિયો પ્લેટફોર્મ્સ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝનું સંયુક્ત માર્કેટ વેલ્યુએશન રૂ. 28.72 લાખ કરોડ નોંધાયું હતું.

ભારતી એરટેલ (જેનું માર્કેટ કેપ રૂ. 12.16 લાખ કરોડ હતું) ને પાછળ છોડીને જિયો પ્લેટફોર્મ્સ દેશની સૌથી મૂલ્યવાન ટેલિકોમ

...અનુસંધાન પાના 11 પર

જિયોના નામે આ રેકોર્ડ્સ

જિયો પ્લેટફોર્મ્સે 100 અબજ ડોલરના આઈપીઓ વેલ્યુએશન ક્લબમાં સ્થાન મેળવી લીધું છે અને મેટા, અલીબાબા અને સ્પેસએક્સ પછી આ સિદ્ધિ મેળવનારી તે વિશ્વની માત્ર ચોથી કંપની

જિયો પ્લેટફોર્મ્સે શેરબજારમાં પ્રવેશ કરતી વખતે અનેક મોટા ઈતિહાસ રચ્યા છે અને વૈશ્વિક દિગ્ગજ કંપનીઓની હરોળમાં સ્થાન મેળવ્યું છે.

શાનદાર ઓપનિંગ: જિયો પ્લેટફોર્મ્સનો શેર BSE અને NSE પર 1,358ના ભાવે ખુલ્લો થયો, જે તેની ઈશ્યુ પ્રાઈસ કરતા 21.4 ટકા વધુ હતો.

સૌથી મોટો IPO: 30,200 કરોડ (લગભગ $3.2 અબજ)ના કદ સાથે આ ભારતની ઈતિહાસનો સૌથી મોટો પબ્લિક ઈશ્યુ (IPO) છે.

સૌથી ઝડપી ફુલ સબ્સ્ક્રિપ્શન: આ IPO ખુલ્યાની માત્ર 100 મિનિટની અંદર જ સંપૂર્ણપણે સબ્સ્ક્રાઇબ થઈ ગયો હતો, જે ભારતીય બજારના ઈતિહાસમાં સૌથી ઝડપી છે.

સૌથી વધુ અરજીઓ: આ IPOને કુલ 1.34 કરોડ અરજીઓ મળી હતી.

સિંગલ-ડે માર્કેટ વેલ્યુમાં વધારો: લિસ્ટિંગના પહેલા જ દિવસે પ્રીમિયમને કારણે માર્કેટ કેપિટલાઈઝેશનમાં 2.2 લાખ કરોડનો વધારો થયો, જે ભારતીય શેરબજારના ઈતિહાસમાં એક જ દિવસમાં મૂલ્યમાં થયેલો સૌથી મોટો વધારો છે.

$100 અબજની ક્લબમાં જોડાણ: IPOના સમયે જિયો પ્લેટફોર્મ્સનું મૂલ્ય અંદાજે 10.3 લાખ કરોડ ($108 અબજ) હતું, જેનાથી તે મેટા, અલીબાબા અને સ્પેસએક્સ જેવી સ્થાપક-આગેવાનીવાળી (founder-led) કંપનીઓના વિશિષ્ટ જૂથમાં સામેલ થઈ ગઈ છે.

ટેલિકોમ ક્ષેત્રે નંબર 1: આ શાનદાર લિસ્ટિંગથી જિયો પ્લેટફોર્મ્સ ભારતી એરટેલને પાછળ છોડીને માર્કેટ કેપની દ્રષ્ટિએ ભારતની સૌથી મૂલ્યવાન ટેલિકોમ કંપની બની ગઈ છે.

દેશની બીજી સૌથી મૂલ્યવાન કંપની: લિસ્ટિંગ બાદ જિયો પ્લેટફોર્મ્સ તેની પેરન્ટ કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ પછી ભારતની લિસ્ટેડ કંપનીઓમાં બીજા ક્રમની સૌથી મૂલ્યવાન કંપની બની ગઈ છે.

સંપૂર્ણપણે નવા શેર: આ IPO સંપૂર્ણપણે નવા શેર પર આધારિત હતો, જેમાં પેરન્ટ કંપની રિલાયન્સ કે અન્ય રોકાણકારોએ પોતાનો કોઈ જૂનો હિસ્સો વેચ્યો ન હતો.

બે દાયકા પછી રિલાયન્સ ગ્રુપનો IPO: રિલાયન્સ જૂથ દ્વારા 20 વર્ષ પછી (2006 માં રિલાયન્સ પેટ્રોલિયમ પછી) લાવવામાં આવેલો આ પહેલો IPO છે.

દિલ્હી ડાયરી

ડિજિટલ પ્રાઇવસી કાયદા સામે મીડિયા પબ્લિશર્સનો સુપ્રીમ કોર્ટમાં પડકાર

21 સમાચાર પબ્લિશર્સના એક જૂથે ભારતના પ્રાઇવસી કાયદાને અદાલતમાં પડકાર્યો છે. દસ્તાવેજો દર્શાવે છે કે, તેમનો દાવો છે કે આ કાયદો ઇન્વેસ્ટિગેટિવ પત્રકારત્વને કચડી નાખશે અને સરકારને પત્રકારોના સ્ત્રોતો ઓળખવાની સત્તા આપશે. સર્વોચ્ચ અદાલતે મંગળવારે આ બાબતે સુનાવણી હાથ ધરી હતી અને કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી છે. સરકારે ગયા વર્ષે યુઝર્સના ડિજિટલ પર્સનલ ડેટાની સુરક્ષા માટે પ્રાઇવસી કાયદો લાગુ કરવાની જાહેરાત કરી હતી, જેનાથી મેટા અને ગૂગલ જેવા પ્લેટફોર્મ્સ માટે પાલનના નિયમો કડક બન્યા હતા. પબ્લિશર્સે હવે રજૂઆત કરી છે કે, મીડિયા હાઉસિસને આમાંથી છૂટછાટ આપવામાં આવી નથી, તેથી આ કાયદો પ્રેસની સ્વતંત્રતા પર આક્રમણ છે. ગયા ઓગસ્ટમાં સરકાર સાથે યોજાયેલી બેઠકમાં મીડિયા કંપનીઓને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે, આ કાયદો પ્રેસની સ્વતંત્રતાનું રક્ષણ કરશે, પરંતુ યુરોપિયન યુનિયન, સિંગાપોર અને બ્રિટનની જેમ પત્રકારો માટે કોઈ લેખિત મુક્તિ કે છૂટછાટ ન હોવી એ ચિંતાજનક બાબત હતી. ડિજિટલ ન્યૂઝ પબ્લિશર્સ

...અનુસંધાન પાના 11 પર

નવી પેઢીને સ્ટેજ સંભાળતા જોઈ મુકેશ અંબાણી ભાવુક થયા

આકાશ, ઈશા અને અનંતે પિતા મુકેશ અને દાદા ધીરૂભાઈના વારસાને આગળ ધપાવવાનો સંકલ્પ લીધો



મુંબઈ, તા. 28 (PTI): ભારતની બીજી સૌથી મૂલ્યવાન કંપની બનનાર 'જિયો પ્લેટફોર્મ્સ'ના લિસ્ટિંગ સમારોહ દરમિયાન એક અત્યંત ભાવુક ક્ષણ જોવા મળી હતી. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જ્યારે મુકેશ અંબાણીના ત્રણેય બાળકો, આકાશ, ઈશા અને અનંત અંબાણીએ સ્ટેજ પર આવીને બિઝનેસનું સુકાન સંભાળવાની વાત કરી, ત્યારે 69 વર્ષીય અબજોપતિ મુકેશ અંબાણી પોતાની આંખોના આંસુ રોકી શક્યા ન હતા.

પત્ની નીતા અંબાણી સાથે ઉપસ્થિત મુકેશ અંબાણીએ આકાશ, ઈશા અને અનંત દ્વારા જિયોની સફર પાછળ રહેલા ત્યાગ, મહત્વાકાંક્ષાઓ અને જવાબદારીઓ વિશેનું સંબોધન સાથે જ પિતા અને દાદા ધીરૂભાઈ અંબાણીના વારસાને આગળ ધપાવવાનો સંકલ્પ અને શ્રદ્ધાંજલિ પ્રવચન વખતે વારંવાર આંસુ લૂછ્યા હતા.

સમારોહમાં રિલાયન્સ જિયોના ચેરમેન આકાશ અંબાણીએ જણાવ્યું કે, 'આજનું લિસ્ટિંગ અંત નથી પરંતુ એક નવી શરૂઆત છે. રિલાયન્સે

...અનુસંધાન પાના 11 પર

કેન્દ્રના કર્મચારીઓને દિવાળી ભેટ, મોંઘવારી ભથ્થામાં ત્રણ ટકાનો વધારો

કર્મચારીઓનું DA વધીને 63 ટકા થયું, 1.17 કરોડથી વધુ કર્મચારીઓ અને પેન્શનરોને લાભ મળશે

1 જુલાઇ, 2026થી વધેલી રકમ ચૂકવાશે, જેનાથી સરકારી તિજોરી પર વાર્ષિક રૂ. 10,016 કરોડથી વધુનો બોજ પડશે

નવી દિલ્હી, તા. 28 (PTI): દિવાળીના તહેવાર પૂર્વે કેન્દ્રીય કેબિનેટે બુધવારે દેશના કરોડો કર્મચારીઓ માટે મોટી જાહેરાત કરી છે. કેબિનેટે કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો માટે મોંઘવારી ભથ્થા (ડીએ) અને મોંઘવારી રાહત (ડીઆર)માં 3 ટકાના વધારાને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે કેબિનેટના આ નિર્ણયને કર્મચારીઓ માટે 'દિવાળીની ભેટ' ગણાવી છે.

સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી આશરે 48.54 લાખ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને 68.71 લાખ પેન્શનરો સહિત કુલ 1.17 કરોડથી વધુ લોકોને સીધો ફાયદો થશે. સત્તાવાર યાદી અનુસાર, મોંઘવારી સામે રક્ષણ પૂરું પાડવા માટે લાગુ કરવામાં આવેલ આ વધારાનો હપ્તો 1 જુલાઈ, 2026થી અમલી બનશે અને મૂળ પગાર કે પેન્શન પર અગાઉના 60 ટકાના દરથી 3 ટકા વધારીને આપવામાં આવશે.

આ વધારાના કારણે સરકારી તિજોરી પર વાર્ષિક રૂ. 10,016.10 કરોડની સંયુક્ત નાણાકીય અસર પડશે. સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે સ્વીકૃત સૂત્ર અનુસાર જ આ વધારો કરવામાં આવ્યો છે, જેથી મોંઘવારી સામે કર્મચારીઓને રાહત મળી રહે.

ઉલ્લેખનીય છે કે તહેવારોના આ સમયગાળામાં સરકારી કર્મચારીઓ લાંબા સમયથી આ વધારાની રાહ

...અનુસંધાન પાના 11 પર

આંધ્રમાં 'અર્નબ' વાવાઝોડું પ્રચંડ રીતે ત્રાટક્યું: 5નાં મોત

મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પત્ર લખીને કેન્દ્રીય ટીમ દ્વારા નુકસાનના સર્વેની માંગ કરી

200 મિમીથી વધુ વરસાદ અને દરિયામાં કાર્ગો જહાજ ફસાયું, હવામાન વિભાગે આજે પણ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના વ્યક્ત કરી

અમરાવતી, તા. 28 (PTI): 'અર્નબ' વાવાઝોડું બુધવારે વહેલી સવારે આંધ્ર પ્રદેશના તટ પર ત્રાટક્યું હતું, જેના કારણે વ્યાપક પાયે તારાજી સર્જાઈ છે. વાવાઝોડાના કારણે અનેક વૃક્ષો અને વીજપોલ ઉખડી ગયા છે તથા રસ્તાઓને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. આ કુદરતી આપત્તિ અને વીજ કરંટ તેમજ દીવાલ ધરાશાયી થવાની ઘટનાઓમાં કુલ 5 લોકોનાં મોત નીપજ્યાં છે.

લેન્ડફોલની આ 6 કલાકની પ્રક્રિયા દરમિયાન તટીય વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો.

વિશાખાપટ્ટનમમાં વૃક્ષ પડવાથી જીવંત વીજ વારના સંપર્કમાં આવવાથી એક વ્યક્તિનું મોત થયું હતું. વિઝાગ ગ્રામ્ય વિસ્તારમાં વીજપોલ પડવાથી એક મહિલાનું મૃત્યુ થયું હતું. ભીમાવરમમાં ઉખડી ગયેલું તાડનું વૃક્ષ એક વ્યક્તિ પર પડવાથી તેનું મોત થયું હતું. આ

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૮-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૮° સે.	૨૩.૦° સે.	૪૩%